**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦**

**તા.૦૮/૧૨/૨૦૧૭ શુક્રવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૨૪૬૨/૧૭**

## જામનગર તથા રાજકોટ જેવા શહેરોમાં ટ્રાન્સપોર્ટની ઓફીસો ખોલી વેપારીઓ પાસેથી હાર્ડવેર તથા પ્લમ્બીંગને લગતો કીંમતી માલ-સામાન મેળવી વેપારીઓ સાથે છેતરપીંડી કરતા એક ઈસમને લાખો રૂપિયાના મુદ્દામાલ સાથે પકડી લઈ અસંખ્ય ચીંટીગના ગુન્હાઓનો તથા એલીસબ્રીજ વિસ્તારમાં મોટી ઘરફોડી કરનાર એક ઈસમને ચોરીની રોકડ રકમ સાથે પકડી લઈ ચોરીના ગુન્હાનો ભેદ ઉકેલતી ક્રાઈમ બ્રાન્ચ

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી એ.કે.સિંઘ, તથા ક્રાઈમ બ્રાન્ચના સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી જે.કે.ભટ્ટ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી દિપન ભદ્રન તથા એડી.ડી.સી.પી. શ્રી ડો.રાજદિપસિંહ ઝાલા નાઓએ અમદાવાદ શહેરમાં બની રહેલ લુંટ તથા ઘરફોડ અને ચોરી તથા છેતરપીંડી જેવા મિલ્કત સંબધી ગુન્હાઓ શોધી કાઢવા તેમજ અન્ય રાજ્યોમાં આ પ્રકારના ગુન્હાઓ આચરી અમદાવાદ શહેરમાં આવતા આરોપીઓ ઉપર વોચ રાખી આવા ઈસમોને શોધી કાઢવા સારુ સુચના આપેલ હોય, આ પ્રકારના ગુન્હાઓમાં સંડોવાયેલ ઈસમો અંગેની શક્યતા બાબતે ક્રાઈમ બ્રાન્ચની અલગ-અલગ ટીમો કાર્યરત હતી. અને આવા ગુન્હાઓ આચરતા ઈસમો બાબતે ઝીણામાં-ઝીણી માહીતી એકત્ર કરવામાં આવી રહેલ હતી

આ દરમ્યાન ગઈ કાલ તા.૬/૧૨/૧૭ ના રોજ ક્રાઈમ બ્રાન્ચના પોલીસ ઈન્સપેકટરશ્રી જે.એન. ચાવડા તથા પો.સ.ઈ.શ્રી જે.એન.ગોસ્વામી તથા પો.સ.ઈ.શ્રી એ.પી.ચૌધરી તથા તેઓની ટીમના સ્ટાફના માણસોએ બાતમી આધારે, ઓઢવ વેપારી મહામંડળની પાછળના ભાગે આવેલ રાધીકા એસ્ટેટના ગોડાઉન નં.૯ માંથી આરોપી ડુંગરસિંગ જામવંતરામ રાજપુરોહીત ઉ‌વ.૨૮ રહે.હાલ ૪૦૨,અત્રી એપાર્ટમેન્ટ કાકાભાજી પાવ પાસે રીંગરોડ ઓઢવ અમદાવાદ તથા મુળ વતન ગામ આલાસણ તા.જી.ઝાલોર રાજસ્થાન નાને તેના કબ્જાના આ ગોડાઉનમાંથી હાર્ડવેર તથા પ્લબીંગને લગતા સામાનના અલગ-અલગ વજનવાળા કુલ્લે ૩૪૫ બોક્ષ જે કુલ્લે- ૧૬૪૬૧ કિલોગ્રામ વજનના અને કુલ્લે કિ.રૂ. ૩૧,૫૩,૦૦૦/-નામુદ્દામાલ સાથે પકડી આર.પી.સી.કલમ ૪૧(૧)ડી મુજબ કાર્યવાહી કરેલ.

આ પકડાયેલ આરોપી ડુંગરસિંગ જામવંતરામ રાજપુરોહીતની પુછપરછ કરતા પોતે તથા તેના એક મિત્ર નામે મિતેશભાઈ મારવાડી જે જોધપુર રાતાનાડા વિસ્તારનો રહેવાસી છે તે બંન્ને જણાએ મળી જામનગર ખાતે આવેલ શંકર ટેકરી ઉદ્યોગનગર-૧ ખાતે તથા રાજકોટ ખાતે ઢેબર રોડ ઉપર રેલ્વે ક્વાટર સામે એમ બંન્ને જગ્યાઓએ ભાડાની દુકાનો મેળવી ત્યા શ્રી ગણેશ કાર્ગોના નામથી ડેઈલી પાર્સલ સર્વિસના નામનુ બોર્ડ લગાવી જામનગર તથા રાજકોટ ખાતેના હાર્ડવેર તથા પ્લમ્બીંગના હોલસેલના વેપારીઓનો સંપર્ક કરી તેઓને સસ્તામાં સામાન ટ્રાન્સફર કરી આપવાની લાલચ આપી છેલ્લા બેએક માસથી અનેક વેપારીઓ પાસેથી આવો સામાન મેળવી,વેપારીઓના ઓર્ડર મુજબ સામાન નહી મોકલી આવો સામાન ત્યાથી બારોબાર ઉપરોક્ત ગોડાઉનમાં મુકી તે સામાનને બારોબાર વેચાણ કરી દેવાની ફીરાકમાં હોવાનુ આરોપી જણાવેલ જે આધારે જામનગર તથા રાજકોટ ખાતે તપાસ કરાવતા બંન્ને શહેરના અસંખ્ય વેપારીઓ આ આરોપીઓના ભોગ બનેલ હોવાનુ જણાઈ આવેલ, જે અનેક વેપારીઓ દ્વારા સ્થાનિક પોલીસ સ્ટેશનોમાં ફરીયાદ દાખલ કરવાની કાર્યવાહી હાલમાં ચાલુ છે અને આ રીતે ભોગ બનેલ એક વેપારીની જામનગર "સી" ડીવીઝન પોલીસ સ્ટેશન ખાતેની ફરીયાદ આધારે, આ આરોપી તથા સબંધિત મુદ્દામાલ જામનગર "સી" ડીવીઝન પો.સ્ટે. ખાતે મોકલવા તજવીજ કરવામાં આવેલ છે.

તેમજ ઉપરોકત ટીમના અધિકારીશ્રી તથા માણસોએ આજરોજ પેટ્રોલીંગ દરમ્યાંન મળેલ ચોક્કસ બાતમી આધારે ગીતામંદિર રસ્તા ખાતેથી આરોપી વિકાસ ઉર્ફે વિકી દઉદયાલ રાઠી ઉ.વ.૩૮ રહે.સતોષીચોક નોખામંડી જી.બિકાનેર રાજસ્થાન નાને રોકડ રૂ.૨,૫૦,૦૦૦/- સાથે પકડેલ જેની પુછપરછ દરમ્યાંન ગઈ તા૯/૧૧/૨૦૧૭ ના રોજ પોતાના ઓળખીતા નારંગીવિલા બંગ્લોના માલીક સુકેતુભાઈ શાહના મકાનમાંથી ચોરી કરેલની કબુલાત કરેલ જે આધારે તપાસ કરતા આ ચોરી અંગે એલીસબ્રિજ પો.સ્ટે. ફર્સ્ટ ગુરનં ૧૩૨/૨૦૧૭ ઈપીકો કલમ ૪૫૪,૩૮૦ મુજબનો ગુનો દાખલ થયેલ હોય આરોપીને એલીસબ્રિજ પો.સ્ટે તરફ મોકલી આપવામાં આવેલ છે.

**<u>ઇસનપુર પોલીસ સ્ટેશન :</u>**

## રીઢા ઘરફોડ ચોરની પાસા અટકાયત કરતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬. તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી, "જે" ડીવીજન અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ અમદાવાદ શહેર ખાતે પાસા/તડીપારની કાર્યવાહી કરવા અંગેની સુચના અનુસંધાને ઇસનપુર પોલીસ સ્ટેશનમાં ઘરફોડ ચોરીમા પકડાયેલ રીઢા ગુનેગાર શ્રી ઇરફાન ઉર્ફે ચુહા મોહંમદહુસેન શેખ ઉ.વ.૧૯ રહે.આયશા મસ્જીદની પાસે, જુહાપુરા અમદાવાદ શહેર નાને મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓએ ક્રમાંક પીસીબી/ડીટીએન/પાસા/૯૬૩/૨૦૧૭ તા.૦૭/૧૨/૨૦૧૭ થી પાસા હુકમ કરેલ હોય જે હુકમની ઇસનપુર પોલીસ સ્ટેશન સીનીયર પોલીસ ઇન્સ્પેકટર શ્રી એન.એમ.પટેલ નાઓને આજરોજ કલાક ૨૦/૩૦ વાગે બજવણી કરી અટકાયતીને પાલારા જેલ ભુજ મોકલી આપવા તજવીજ કરવામાં આવેલ છે.તા.૦૭/૧૨/૨૦૧૭

**<u>સાબરમતી પોલીસ સ્ટેશન :</u>**

## સાબરમતી પોલીસ સ્ટેશન દ્વારા પ્રોહીબીશનના આરોપીને પાસા હેઠળ અટકાયત કરવા બાબત

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તેમજ ખાસ પોલીસ કમિ.શ્રી સેકટર-૧ અમદાવાદ શહેર તેમજ ના.પો.કમિ.શ્રી ઝોન-૨ અમદાવાદ શહેર તેમજ મ.પો.કમિ.શ્રી એલ ડીવીઝન અમદાવાદ શહેર નાઓએ પ્રોહી/જુગારની પ્રવુતી સદંતર નેસ્ત નાબુદ કરવા સારૂ ચુસ્ત પણે સુચન કરેલ હોય જે સુચના આધારે અત્રેના પો.સ્ટે વિસ્તારમાં પ્રોહીની પ્રવુતી આચરતા ઇસમો ઉપર સતત વોચ રાખી બાતમી હકીકત આધારે ગેરકાયદેસર દેશી દારૂનો જથ્થો રાખી ખાનગીમા વેચાણ કરતો નામે દિનેશ ઉર્ફે રાહુલ સ/ઓ ચતુરજી ઠાકોર ઉવ-૨૭ રહે ધંધો –છુટક મજુરી રહે:રામજીમંદિરની ચાલી કાળીગામ સાબરમતી અમદાવાદ નાઓ વિરૂધ્ધ દેશી દારૂનો કેશ શોધી કાઢી સદરી આરોપીને આવી પ્રવુતી પ્રોહી કલમ 93 કે બી.પી.એક્ટ કાયદાની સામાન્ય જોગવાઇઓ અનુસાર તાત્કાલીક અટકાવી શકાય તેમ ન હોય સદરી આરોપી વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરશ્રીની કચેરી ખાતે મોકલી આપતા પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓએ આરોપીને પાસા અટકાયતમા લેવા <u>ક્રમાંક-પીસીબી/DTN/પાસા/૯૧૯/૨૦૧૭ તા:૨૮/૧૧/૨૦૧૭ ના રોજ હુકમ કરતા સદરી હુકમ આધારે સદરી આરોપીને તા:૦૭/૧૨/૨૦૧૭ ના રોજ પાસા અટકાયતીના હુકમની બજવણી કરી ડીટેન કરી ખાસ જેલ પાલારા ભુજ ખાતે યોગ્ય જાપ્તા સાથે મોકલી</u> આપેલ છે.

**<u>સુરક્ષા સેતુ રથ:</u>**

મણીનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરી મણીનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ




નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.